ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં ભાડે મકાનની ઈન્કવાયરીમાં ઉછાળો...!!

## ધો-૧૧ પછી ગાંધીનગરમાં સંતાનોને ભણાવવાનો ગ્રામીણ વિસ્તારના વાલીઓમાં વધતો ક્રેઝ

ગાંધીનગર, તા.૨૧

રાજયભરમાં ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓ અંત તરફ ધસી રહી છે. આ સાથે ગાંધીનગરના આસપાસના જિલ્લાઓ સહિતના ગ્રામ્ય વિસ્તારમાંથી ધો-૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓના શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આંટાફેરા વધી જવા પામ્યા છે. આ સાથે શહેરમાં ભાડાના મકાનોની પુછપરછમાં પણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર એક શિક્ષણ નગરી તરીકે ખ્યાતિ મેળવી ચુકયું છે. જેના કારણે દર વર્ષે શહેરમાં રાજયના અનેક જિલ્લાઓમાંથી અઢળક નવા વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે. આ વિદ્યાર્થીઓમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ મોટી હોય છે જેનું કારણ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણના કથળતા જતા સ્તરને માનવામાં આવી રહ્યું છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત સાબરકાંઠા, મહેસાણા, ખેડા, બનાસકાંઠા સહિત અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને વાલીઓ ગાંધીનગર ખાતે ધો-૧૦ પછીનો અભ્યાસ કરાવવાનું મુનાસિબ માની રહ્યા છે. પોતાના સંતાનોને શહેરના વાતાવરણમાં ભણાવી અત્યારના સમયના હરિફાઈના યુગમાં સ્પર્ધામાં ટકાવવા સાથે કારકિર્દી ઘડતર માટે શકય હોય તેટલી વધુ તકો મેળવી શકાય તેવી વાલીઓની વિચારસરણી જોવા મળે છે. વળી, ગાંધીનગરમાં ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ બંને પ્રકારની શાળાઓમાં વિકલ્પની સંખ્યા પણ વધુ મળી રહે છે જેથી દર વર્ષે ધો-૧૦ની પરીક્ષા પછી ગાંધીનગર ભણવા આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળે છે.

સંતાનોને શાળામાં પ્રવેશ બાદ તે વધુ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી કોચીંગ કલાસિસ કે ટયુશન વગેરેના એડમિશન પણ અત્યારથી બુક થવા લાગ્યા છે અને આ બધા માટે દોડાદોડી કર્યા પછી વિદ્યાર્થી થાકી ના જાય તે હેતુથી વાલીઓ હંગામી ધોરણે ગાંધીનગરમાં જ રહેવા આવવાનું પસંદ કરે છે જેને કારણે વેકશન દરમિયાન ભાડાના મકાનની માંગમાં ઉછાળો આવે છે. મોટાભાગના વાલી બાળકને તેની સ્કૂલની નજીકમાં જ રહેઠાણની વ્યવસ્થા થાય તેવું ઈચ્છતા હોય છે તેથી શહેરના મોટા શૈક્ષણિક સંકુલોની આસપાસના વિસ્તારોમાં ભાડાના મકાનની ઈન્કવાયરીમાં ચહલ પહલ જોવા મળી રહી છે. આ કારણે શહેરના જુના સેકટરો ઉપરાંત કુડાસણ, સરગાસણ જેવા વિસ્તારોમાં પ્રોપર્ટી માર્કેટમાં ચહલ પહલ જોવા મળી રહી છે.

## ‘નેચર ફોર વોટર’ની થીમ સાથે રાજયકક્ષાની ઉજવણી ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ ગુરૂવાર, તા.૨૨ માર્ચે વિશ્વ જળ દિવસની રાજયકક્ષાની ઉજવણીનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવશે.

સંયુકત રાષ્ટ્ર દ્વારા **(United Nations)** વર્ષ ૧૯૯૩થી સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૨ માર્ચને ‘વિશ્વ જળ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને પાણી બચાવવા માટે પ્રેરણા આપવાનો અને પાણીનું મહત્વ સમજાવવાનો છે.

દર વર્ષે જુદા જુદા વિષયો સાથે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષ૨૦૧૮ માટેનો વિષય **‘Nature fro Water’** રાખવામાં આવ્યો છે.

૨૧મી સદીમાં પાણીના પડકારોનો સામનો કરવા માટે કુદરત-આધારિત ઉકેલ લાવવાના ધ્યેય સાથે પાણીનો વધુ પડતો બગાડ અટકાવવો તેમજ હાલના જળ સંસાધનોનો ઉચિત ઉપયોગ કરવા વિષયે ગુરૂવારે વિશ્વ જળ દિવસની ઉજવણીમાં સામૂહિક ચિંતન-મનન થશે.

મુખ્યમંત્રીશ્રી આવતીકાલે સવારે ૯.૩૦ કલાકે ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ઓડિટોરિયમમાં આ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. પાણી પુરવઠા રાજયમંત્રી શ્રી પરબતભાઈ પટેલ આ ઉજવણીમાં જોડાશે.

શ્રી વિજયભાઈ રૂપાણી આ અવસરે જળસંરક્ષણ માટે જનઅભિયાન તેમજ પાણીના કરકસરયુકત ઉપયોગ માટે ડયૂઅલ ફલશ સિસ્ટમ લોન્ચીંગ કરાવવાના છે.

મુખ્યમંત્રીશ્રી રાજયમાં લોકભાગીદારી અને લોકવ્યવસ્થાપનથી ગ્રામીણ ક્ષેત્રે કાર્યરત પાણી સમિતિઓનું સુચારૂ સંચાલન અને સાધનોની મરામત નિભાવણી કરતી ૨૦૫૦ મહિલા પાણી સમિતિઓને પુરસ્કારથી સન્માનિત કરશે.

વિશ્વ જળ દિવસના આ રાજયકક્ષાના કાર્યક્રમનું આયોજન વાસ્મો, પાણી પુરવઠા, વન પર્યાવરણ અને શહેરી વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે.

### આન્ટી, હું તમને ઓળખું છું... ચાલો પથિકા ઉતારી દઉં...

## પાટનગરમાં લુંટ કરતી બંટી-બબલી સક્રીય

### સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલ બહારથી વૃધ્ધ કર્મચારીને બાઈક પાછળ બેસાડી અવાવરૂ સર્વિસ રોડ ઉપર લઈ જઈ લુંટી લેવાયા : આંખમાં મરચાની ભુકી નાંખીને મંગળસુત્રની લુંટ

ગાંધીનગર, તા.૨૧

આન્ટી, હું તમને ઓળખું છું... ચાલો પથિકાશ્રમ ઉતારી દઉં... તેમ કહીને સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલ બહારથી એક વૃધ્ધ મહિલા કર્મચારીને વિશ્વાસમાં લઈ બંટી બબલીએ બાઈક પાછળ બેસાડી દીધા હતા. ગઈ સાંજના બનેલા આ બનાવમાં બાઈક પાછળ વૃધ્ધાને બેસાડી સે-૨૩ કડી સ્કુલથી ઘ-૫ પેટ્રોલ પંપ તરફના સર્વિસ રોડ ઉપર અવાવરૂ જગ્યાએથી બાઈક લઈ જઈ પેટ્રોલ પુરાવવાનું હોવાનું બહાનું કાઢી વૃધ્ધાના આંખમાં મરચાની ભુકી નાંખી રૂ. ૩૦ હજારની કિંમતનું મંગળસુત્ર લુંટી બંટી-બબલી ફરાર થઈ ગયા હતા. વૃધ્ધાની ફરિયાદને આધારે સે-૨૧ પોલિસે લુંટનો ગુનો દાખલ કરી એફએસએલ બોલાવી ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલમાં સહાયક વોર્ડન સર્વન્ટ તરીકે નોકરી કરતા ૫૮ વર્ષીય મણીબેન દિનેશભાઈ મકવાણા ગઈ કાલે મોડી સાંજે આઠેક વાગ્યે નોકરી પતાવીને હોસ્પિટલની બહાર ગેટ પાસે પહોંચ્યા હતા. ત્યારે બાઈક લઈને આવેલા એક યુવક-યુવતી તેમની પાસે આવીને ઉભા રહી ગયા. યુવતીએ કહ્યું, ‘આન્ટી હું તમને ઓળખું છું. તમે ચેતનાના મમ્મી છો ને...?’ મણીબેને કહ્યું કે, ‘બેટા, હું તને નથી ઓળખતી...’ યુવતીએ કહ્યું, ‘હું વૈશાલી... ચેતનાની ફ્રેન્ડ છું. ચેતનાના મેરેજમાં પણ હું આવી હતી. બેસી જાવ બાઈક પાછળ તમને પથિકાશ્રમ ઉતારી દઈએ..!’ મણીબેને પહેલા ના પાડી પરંતુ વિશ્વાસમાં લઈને બંટી-બબલીએ મણીબેનને બાઈક પાછળ બેસાડી દીધા હતા. બાઈક સે-૨૨ આયુર્વેદીક હોસ્પિટલથી સે-૨૩ કડી સ્કુલથી ઘ-૫ પેટ્રોલ પંપ તરફ જતા સર્વિસ રોડ ઉપર લેતા મણીબેને પુછયું આ બાજુ કેમ લીધી? પેટ્રોલ પુરાવવાનું છે તેવું બહાનું કાઢી અવાવરૂ રોડ ઉપર કોઈ દેખાયું નહી એટલે બાઈક ઉભું કરી દીધું અને પેટ્રોલ ટાંકી ખોલીને મોબાઈલ ટોર્ચથી પેટ્રોલ જોવાનં નાટક શરુ કર્યું, તેટલામાં બંટી બબલીમાંથી કોઈએ મરચાની ભુકી મણીબેનના આંખમાં છાંટી દીધી અને તેમણે પહેરેલું રૂ. ૩૦ હજારની કિંમતનું સોનાનું મંગળસુત્ર લુંટી બાઈક પર બંટી બબલી રફફુચક્કર થઈ ગયા હતા. આંખો બળવાની ઓછી થતા મણીબેન ઘ રોડ ઉપર આવ્યા અને સારવાર કરાવી આ મામલે સે-૨૧ પોલિસ મથકમાં લુંટની ફરિયાદ નોંધાવી છે. સે-૨૧ પોલિસે ગુનો નોંધી સીસીટીવી કેમેરા ચેક કરવા તજવીજ શરુ કરી છે.



## સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા લોક ડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા હેમરાજભાઈ પાડલિયાના સંયુકત ઉપક્રમે ગાંધીનગર ટાઉનહોલમાં લોક ડાયરો યોજાશે.

આગામી ૨૬મી માર્ચ ૨૦૧૮ને સોમવારે રાત્રે ૯ કલાકે આયોજીત રંગ કસુંબલ ડાયરામાં ચારણી સાહિત્યના મર્મી રાજભા ગઢવી, લોક સાહિત્યકાર જીતુદાદા અને નામાંકિત ભજનિક અનિલ વાંકાણી સાંસ્કૃતિક અને રાજધર્મનું રસદર્શન કરાવશે. આ લોક ડાયરામાં પરમ પૂજય મહંતો વિશેષ ઉપસ્થિત રહેશે અને આશીર્વચનો આપશે. મંત્રીઓ, ધારાસભ્યો તથા નોંધાયેલા તમામ સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મગનભાઈ કાકડીયા તથા હેમરાજભાઈ પાડલિયાએ અનુરોધ કર્યો છે.

## સેકટર-૩ ન્યુ ખાતે ઓખાહરણ કથા-પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે ચૈત્રી નવરાત્રી નિમિતે પ્રથમવાર ઓખા હરણ કથા-પાઠનું આયોજન મંજુલાબેન.ડી.પટેલ તથા અન્ય ધર્મપ્રેમી બહેનોના સામુહીક સહયોગથી તા.૨૩-૩-૧૮ થી ૨૫-૩-૧૮ (ત્રણ દિવસ) સુધી કરવામાં આવેલ છે. ઓખા હરણ પાઠના વકતા તરીકે આશાબેન પટેલ અમદાવાદવાળા ઉપસ્થિત રહેશે. જયારે દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૧ કલાક દરમિયાન ઓખાહરણ પાઠનું પઠન કરવામાં આવશે. ઓખા હરણ પાઠ સેકટર-૩ ન્યું પ્લોટ નં-૧૨૫-૧ શોંપીગ સેન્ટર પાસે યોજાશે. ઓખાહરણ કથા પાઠ કાર્યક્રમમાં વસાહતી ભાઈ બહેનો તેમજ નગરના સૌ ધાર્મિક ભાઈ બહેનોને હાજર રહેવા હાર્દિક અનુરોધ કરાયો છે.

## સે-૧૩માં રાત્રિ પેટ્રોલિંગ વધારવા રહિશોની માંગ

શહેરના સેકટર-૧૩માં છેલ્લા ઘણા સમયથી ઘરફોડ ચોરીના બનાવોનું પ્રમાણ વધી ગયું છે. પરિણામે વસાહતીઓએ ભયના માહોલ વચ્ચે સેકટર-૭ પોલિસમાં નાઈટ પેટ્રોલિંગ વધારવા રજૂઆત કરી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧૩માં ઘરફોડ ચોરી સહિતના ગુન્હાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ઘરફોડીયાઓ એક પછી એક ચોરીઓને અંજામ આપી રહ્યા છે. બિન્દાસ બનેલા ઘરફોડીયાઓને પોલિસનો કોઈ ડર જ રહ્યો નથી. આથી સેકટર-૧૩ના રહીશો ભયભીત બન્યા છે. પરિણામે રહિશોએ રાત્રિ દરમિયાન પોલિસ પેટ્રોલિંગ વધારા સેકટર-૭ પોલિસ મથકમાં લેખિત રજુઆત કરી છે. જેમાં રાત્રિના ૧૨ થી સવારના ૪ કલાક દરમિયાન હોમગાર્ડ જવાનો તથા ઘોડેસવાર પોલિસ પેટ્રોલિંગ કરે તેવી માંગણી રજૂઆતમાં કરી છે.

## ગાંધીનગર જિલ્લામાં જે ગણોતીયાઓએ ખરીદ કિંમત ભરી નથી તેઓએ ૩૧મીએ ભરી દેવા તાકીદ

ગાંધીનગર, તા.૨૧

સરકારશ્રીનાં મહેસુલ વિભાગનાં જાહેરનામા ક્રમાંક – જીએચએમ / ૨૦૧૮ /૩/ જીએનટી / ૧૦૧૮ / ૨૪૩૩/ ઝેડ, તા. ૨૫-૦૧-૨૦૧૮ થી ગણોત ધારા હેઠળ ગણોતીયાને મળેલ જમીન પર ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત તા.૩૧-૦૩-૨૦૧૮ સુધી લંબાવવામાં આવેલ છે. બાકી રહેલ ખરીદ કિંમતની રકમ ભરપાઈ કરી ગણોતીયા માલિકી હકક મેળવી શકે છે. ગણોતધારા હેઠળ મળેલ જમીનોની ખરીદ કિંમત ભરવાની બાકી હોય તેવા ખાતેદારોની યાદી સંબંધિત મામલતદાર કચરી ખાતે નોટિસ બોર્ડ પર પ્રસિદ્ધ કરેલ છે.

જેથી ગાંધીનગર જિલ્લામાં જે ગણોતીયાઓએ ખરીદ કિંમત હજી સુધી ભરી નથી તેવા ગણોતીયાઓએ તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં અચૂકથી ખરીદ કિંમત ભરવા સંબંધિત ગામનાં તલાટી / મામલતદાર કચેરીએ સંપર્ક કરી ખરીદ કિંમત ભરી દેવા જણાવવામાં આવે છે.



ગાંધીનગરમાં થેલેસેમીયા અંગે જાગૃતિ વધતી જાય છે તેનો શ્રેય શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓને જાય છે. સેકટર-૭માં ચૌધરી મહિલા કોલેજ ખાતે ૩૭૧ વિદ્યાર્થીનીઓએ થેલેસેમીયા પરીક્ષણ કરાવ્યું હતું. વિસ્તૃત અહેવાલ માટે જુઓ પાના નં. ૬.



શ્રી જયપ્રકાશ વિદ્યાલય સેકટર-૨૬નો પ્રાથમિક વિભાગનો વાર્ષિક દિન ઉજવાયો હતો. આચાર્ય અરૂણભાઈ પટેલે સમગ્ર આયોજન કર્યું હતું. સંચાલક દક્ષાબેનના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ શકિતનું પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમ સફળ બનાવવા સાહિલભાઈ અને અનિશાબેને જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં વાલીગણે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ભાઈલાલભાઈ પટેલ અને રાકેશભાઈ ઉપાધ્યાયે આયોજનને બિરદાવ્યું હતું.

## વન વિભાગ દ્વારા નવા સેકટરોમાં ટ્રીમીંગની કામગીરી શરુ

ગાંધીનગર શહેરમાં વનવિભાગ દ્વારા નવા સેકટરોમાં ટ્રીમીંગની કામગીરીનો આરંભ કરી દેવાયો છે. સેકટરોમાં રાત્રી અંધકાર, ઘનઘોર ઝાડીઓ અને ચોરીના ભયને પગલે વસાહત મંડળો દ્વારા લેખિત રજુઆત વનવિભાગને કરવામાં આવતા ટ્રીમીંગની કામગીરી શરુ થઈ છે. જેથી સેકટરોની આસપાસ ચોખ્ખુચણક થઈ જવા પામ્યું છે. ગાંધીનગર શહેરના નવા સેકટરોમાં રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટો બંધ હોય છે. જેથી નાગરીકોને ચોરીનો ભય સતત સતાવી રહ્યો છે. ચોર ઈસમો બંધ મકાનને ટાર્ગેટ કરીને ચોરી કરીને વન વિભાગની ઝાડીઓમાં છુ મંતર થઈ જાય છે. જયારે ઘનઘોર ઝાડીઓમાં અંદર જતા પણ વસાહતીઓ ડર અનુભવે છે, તો બીજીતરફ શ્રમિક પરિવારો શૌચક્રિયા માટે વનવિભાગની જગ્યાનો ઉપયોગ કરતા વસાહતીઓ પણ ગંદકીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. શહેરના કેટલાક માર્ગો પર પસાર થતા ગંદકીને પગલે નાક પર રૂમાલ ફરજીયાત રાખવો પડે તેવી સ્થિતિ ઉદ્‌ભવી છે. જયારે નાગરીકો રાત્રીના સમયે ઝાડીવાળા વિસ્તાર પાસેથી પસાર થતા નાગરીકો ડર અનુભવી રહ્યા હતા. ત્યારે નવા સેકટરોની આસપાસ આવેલ વન વિભાગની ઝાડીઓના ટ્રીમીંગ માટે સેકટરોના વસાહત મંડળ દ્વારા રજુઆત કરવામાં આવતા તંત્ર દ્વારા ટ્રીમીંગની કામગીરી હાથ ધરાઈ છે. ટ્રીમીંગને પગલે વનવિભાગનો વિસ્તારમાં પણ ચોખ્ખો ચણક થઈ જવા પામ્યો છે. જયારે ઝાડીઓમાં કોઈ ચોર ઈસમ સંતાઈ ગયું હોય તો પણ દેખી શકાય તે રીતે જગ્યા સાફ થઈ જવા પામી છે. જેથી નાગરીકોએ હવે હાશકારો અનુભવ્યો છે. આગામી સમયમાં પણ વનવિભાગ દ્વારા ટ્રીમીંગની કામગીરી શરુ રહેશે.

## ખોરજ-કેનાલ પાસે અકસ્માતને પગલે ભારે ટ્રાફિક જામ સર્જાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર ખોરજ નર્મદા કેનાલ પર સવારે એકાએક ત્રણ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી પરંતુ અકસ્માતને પગલે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે માર્ગો પર ત્રણ-ચાર કિમી લાંબી કતારના દ્રશ્યો સર્જાયા હતા.

ગાંધીનગર-સરખેજ માર્ગ પર સતત વાહનોની અવરજવર થતા આ માર્ગ ભારે વ્યસ્ત બન્યો છે. પરિણામે દરરોજ નાના મોટા અકસ્માત સર્જાયા છે. આજ રોજ પણ સવારે ખોરજ કેનાલ પર વાહનોની અવરજવર દરમિયાન ગાયોનું ટોળું પસાર થઈ રહ્યું હતું અચાનક જ એક કાર ગાય સાથે અથડાઈ હતી. આ દરમિયાન એક પછી એક ત્રણ કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કોઈને શરીરે ઈજા થવા પામી ન હતી પરંતુ અકસ્માતને પગલે આ માર્ગ પર વાહનોનો ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો. અને કલાકો સુધી વાહન ચાલકો વાહન લઈ ફસાઈ ગયા હતા. આખરે ટ્રાફિક પોલિસે ભારે જહેમત બાદ ટ્રાફિક દૂર કરાવ્યો હતો.

# હવે પછીના વિશ્વ યુધ્ધ પાણી માટે થશે...!

ગાંધીનગર, તા.૨૧

૨૨મી માર્ચ વિશ્વ જળ દિવસ. પાણી બચાવવા માટે સંકલ્પ કરવાનો દિવસ. કહેવાય છે કે વિશ્વમાં ૧.૫ અરબ લોકોને પીવાનું શુધ્ધ પાણી મળતું નથી. યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રતિવર્ષ આ દિવસની ઉજવણી માટે વિષયવસ્તુ નક્કી કરવામાં આવે છે. જેના આધારે વૈશ્વિક સ્તરે એક જ પ્રકારના કાર્યક્રમોનું આયોજન થઈ શકે.

જળ એ જીવન છે. આ પૃથ્વી પર ત્રણ ભાગ પાણી અને એક ભાગ જમીન હોવા છતાં પાણીની તંગી વર્તાય છે. તેનું મુખ્ય કારણ પૃથ્વીના કુલ પાણીના જથ્થાનું ૯૭ ટકા પાણી ખારું છે જે સમુદ્રમાં છે. બે ટકા જેટલું પાણી બરફ સ્વરૂપે છે. મતલબ કે પૃથ્વીની સપાટી (સરોવર, નદી, નાળા) પરનું અને ભૂગર્ભ જળ સ્વરૂપે રહેલા પાણી પર આપણે નિર્ભર છીએ.

શુધ્ધ પાણી પીવું આરોગ્ય માટે ખૂબ જ જરુરી છે. દુનિયાના તમામ દેશોના લોકોને શુધ્ધ અને આરોગ્યપ્રદ પાણી મળી રહે તે માટે વિશ્વ સ્તરે પ્રયત્નો થઈ રહ્યા છે. વિશ્વ જળ દિનની ઉજવણીનો હેતુ પણ એ જ છે. લોકો પાણીના મહત્વને સમજે. તેને બચાવે. જળ સંરક્ષણ માટે પ્રયત્નો હાથ ધરે તથા પીવાલાયક પાણી માટેના સ્ત્રોતોની જાળવણી કરે. પાણીનો ઉપયોગ સેનીટેશનમાં પણ પુષ્કળ થાય છે. તેથી આધુનિક સેનીટેશન પધ્ધતિઓ દ્વારા પાણી બચત કરવા લોકોને સમજાવવામાં આવે છે.

વિશ્વ જળ દિનની ઉજવણી દરમિયાન સંસ્થાઓ, શાળા કોલેજોમાં ચિત્ર સ્પર્ધા, ડીબેટ, નિબંધ લેખન, ફિલ્મ શૉ, વ્યાખ્યાન, રેલી વગેરે જેવા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. ઘણા સ્થાનો પર પાણીમાં રહેલા ક્ષારનું પ્રમાણ ચકાસણીનું નિદર્શન પણ યોજવામાં આવે છે. લોકો પાણી અમૂલ્ય છે... તે માત્ર કહેવા પુરતું નહીં પણ આચરણ થકી પાણી બચાવે તે જરુરી છે. કહેવાય છે કે હવે પછીનાં વિશ્વ યુધ્ધ પાણી માટે થશે...!




## @ગાંધીનગર

● જય બુટ ભવાની મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૧૪, પ્લોટ નં. ૫૪/૨, બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● જય માં મેલડી, આનંદ ગરબા મંડળ દ્વારા સે-૫-બી, પ્લોટ નં. ૫૫૦/૧ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ભાવનાબેન ગોકલાણીના કંઠે રામેશ્વર મંદિર, સેકટર-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે-૧-સી પ્લોટ નં. ૨૯૨/૨ બપોરે ૧૨ થા ૩ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● સે-૩-સી કલ્ચર સ્કવેર ખાતે રાત્રિના ૮ કલાકે ભવ્ય આનંદનો ગરબો યોજાશે.

● વિશ્વ જળ દિવસ નિમિત્તો સવારે ૯ કલાકે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજના ઓડિટોરીયમમાં ઉજવણી કરાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર નજીકના શેરથા ગામે સરદાર પટેલની પ્રતિમાને કોઈ ટીખળી તત્વોએ ઠંડા પીણાંની ખાલી બોટલોનો હાર પહેરાવી દેતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાને પગલે શેરથાના પાટીદાર આગેવાનો અડાલજ પોલિસ સ્ટેશન પહોંચ્યા હતા અને જવાબદાર તત્વોને સત્વરે ઝડપી લેવા રજુઆત કરી હતી.

● ગાંધીનગરમાં તાજેતરમાં સે-૮ ખાતે સટ્ટા પ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું. આ સટ્ટા પ્રકરણની વધુ તપાસ હવે એલસીબી પોલિસને સોંપવામાં આવી છે.

● ગાંધીનગર-સરખેજ હાઈવે પર અડાલજ ફલાય ઓવર પર ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થતા વાહનોની લાંબી લચક લાઈનો લાગી જવા પામી હતી.

## પાટનગરની મેડીકલ કોલેજનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની મેડીકલ કોલેજનો પ્રથમ પદવીદાન સમારોહ ૨૩મી માર્ચને શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજાશે. આ પ્રસંગે વર્ષ ૨૦૧૨માં મેડિકલ પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવશે.

મેડીકલ કોલેજના પ્રથમ પદવીદાન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરી પુનમચંદ પરમાર ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મુખ્ય મહેમાનોમાં મેડીકલ એજયુકેશન અને રીસર્ચના એડીશનલ ડિરેકટર ડૉ. એમ.એમ. પ્રભાકર તેમજ જી.એમ.ઈ.આર.એસ. ના ચીફ ઓફિસર ડૉ. જે.જી. બુચ કાર્યક્રમમાં હાજરી આપશે. જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં વિદ્યાલયના ડીન તથા મેડીકલ સુપ્રિટેન્ડેન્ટની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૨ના વર્ષમાં મેડીકલ ક્ષેત્રમાં પ્રવેશેલા વિદ્યાર્થીઓને સ્નાતકની ડિગ્રીથી સન્માનિત કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન કનુભાઈ દંતાણી, ઉ.વ. ૪૦
- સ્વ. ઠાકોર સીતાબેન કલ્યાણજી, ઉ.વ. ૮૫
- સ્વ. ચંદ્રિકાબેન અરવિંદકુમાર ઠાકર, ઉ.વ. ૬૦
- સ્વ. ખન્ના ભિષ્મદેવ કિશોરીલાલ, ઉ.વ. ૮૯